ગાંધીનગર સમાચાર

## પુસ્તક પ્રાપ્તિ

વિતેલા પાક્ષિક દરમ્યાન 'ગાંધીનગર સમાચાર'ને નીચે મુજબનાં પુસ્તકો પ્રાપ્ત થયાં છે, જેની સાભાર નોંધ લઈએ છીએ.




**ઍથ્લેટિક્સ-ખેલકૂદ**

ડૉ. જી ટી સરવૈયા લિખિતિ અને ગૂર્જર પ્રકાશન, અમદાવાદ દ્વારા પ્રકાશિત આ પુસ્તકમાં ઍથ્લેટિક્સના નિયમો, કૌશલ્યો તથા પંચના નિર્ણયોની વિગતે વાત કરવામાં આવી છે. મૂલ્ય : રૂા. ૨૦૦.




**વિરલ પ્રતિભા વિરાટ પ્રતિમા**

રોહિત શાહ લિખિત અને જંબૂદ્વીપ વર્ધમાન જૈન પેઢી, પાલિતાણા દ્વારા પ્રકાશિત આ પુસ્તકમાં જૈનોના પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથની વિશ્વની સૌથી વિરાટ (૧૦૮ ફિટ) પ્રતિમાના નિર્માણની રોમાંચક ઘટનાઓનો ઈતિહાસ લખાયો છે. મૂલ્ય : રૂા. ૧૦૮.




**હાર્મોનિયમ-વાદન**

ડૉ. હસુ યાજ્ઞિક લિખિત અને ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ દ્વારા પ્રકાશિત આ પુસ્તકમાં હાર્મોનિયમ અને વાદન અંગે વિશદ્ સમજૂતિ આપવામાં આવી છે. મૂલ્ય : રૂા. ૨૬૦.

# શ્રી જીરાઉલા પ્રતિષ્ઠા પ્રભાવક મહાકુંભ યાત્રાનું નગરમાં આગમન







શ્રી જીરાઉલા પાર્શ્વનાથ પ્રભુ ૨૦૭૩ના મહાસુદ ૧૪, તા. ૯ ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ રાજસ્થાનના જીરાઉલા તીર્થમાં ગાદીનશીન થઈ રહ્યા છે. આ પ્રતિષ્ઠા માટે શ્રી જીરાવાલા દશમ મંડલ આયોજિત મહાકુંભ અમદાવાદ ખાતે તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં ૨૫૦થી વધુ આચાર્ય ભગવંતોના સુરિમંત્રિત વાસક્ષેપ છે. આ મહાકુંભ એક વર્ષ માટે ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન તથા દેશવિદેશમાં એક વર્ષ દરમ્યાન ફરશે ને ભક્તોને દર્શનનો લાભ આપશે. ૪૦ ફૂટ લાંબા અને ૧૪ ફૂટ પહોળા દેદિપ્યમાન જહાજમાં આ મહાકુંભ રાખવામાં આવ્યો છે. આ મહાકુંભ રવિવારે સૌપ્રથમ ગાંધીનગર શહેરમાં પહોંચ્યો હતો. શ્રી ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ તથા ગાંધીનગરના જૈન પરિવારો દ્વારા જિલ્લા પંચાયત ભવન પાસે, ચ રોડ ઉપર મહાકુંભનું ભવ્ય અને ભાવનાસભર સામૈયું કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વાજતેગાજતે મહાકુંભના જહાજને સૅક્ટર-૨૨ ખાતે લઈ જવામાં આવ્યું હતું. અહીં પૂ. ગુરૂ ભગવંતોનાં માંગલિક પ્રવચનોનો લાભ ભાવિકોને પ્રાપ્ત થયો હતો.

ઉલ્લેખનીય છે કે મહાકુંભ તા. ૨૫ ફેબ્રુઆરી સુધી ગાંધીનગરમાં જ રહેશે. આ દરમ્યાન ભાવિક ભક્તો એની પધરામણી પણ પોતાના આંગણે કરાવી શકશે. આ મહાકુંભ યાત્રાને પ્રેરક માર્ગદર્શક પ્રાચીન શ્રુતોદ્ધારક પૂ. હેમચંદ્રસુરીશ્વરજીના શિષ્ય રત્ન વર્ધમાન તપોનિધિ પૂ. કલ્યાણબોધીસુશ્વરીશ્વરજી, પૂ. જીતસૂરીશ્વરજી અને પૂ. ઈન્દ્રજીતજીની નિશ્રા પ્રાપ્ત થઈ રહી છે. **(તસવીર : કશ્યપ નિમાવત)**

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત

# ત્રણ પ્રાથમિક શાળાઓનો સંયુક્ત વાર્ષિકોત્સવ







સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત ત્રણ પ્રાથમિક શાળાઓના સંયુક્ત ઉપક્રમે વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળાના કુલ ૩૦ બાળકોએ પ્રકૃતિના 'હવા' તત્ત્વ વિષયે નાટક, ડાન્સ અને માઈમનું સમાયોજન કરી કૃતિ રજૂ કરી હતી. તેજસ્વી તારલાઓ અને વિવિધ પ્રવૃત્તિઓમાં પ્રતિભાવંત પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને સ્વ. માણેકલાલ મેમોરિયલ મેરીટ સ્કોલરશીપ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, ઈન્ચાર્જ શાસનાધિકારી ડૉ. નીપાબેન પટેલ, જયંતિભાઈ પટેલ, બળદેવભાઈ પટેલ, કેમ્પસ ડાયરેક્ટર સોમભાઈ પટેલ, એજ્યુકેશન વિભાગના ડીન ડૉ. વીણાબેન પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.








સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍસ કે પટેલ ઈન્સ્ટીટ્યુટ ઑફ મૅનેજમૅન્ટ ઍન્ડ કૉમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમ 'સિરાજ-૨૦૧૬' અંતર્ગત શનિવારે સાંજે ફૅશન શોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સુંદર દશ્યોનું સર્જન કૉલેજ પરિસરમાં કર્યું હતું. આ ફૅશન શો વિદ્યાર્થીઓના આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો હતો. **(તસવીર : કશ્યપ નિમાવત)**

# લોકસભાના મુખ્ય દંડક અર્જુન રામ મેઘવાલનું ગાંધીનગરમાં અભિવાદન



ગાંધીનગર, તા. ૨૧

નવી દિલ્હીથી તાજેતરમાં ગાંધીનગર ખાતે પધારેલા લોકસભાના મુખ્ય દંડક તથા બિકાનેરના સાંસદ અર્જુન રામ મેઘવાલની ઓલ ઈન્ડિયા લીગલ મેટ્રોલોજી ઓફીસર્સ એસોસીએશનના વાઈસ પ્રેસીડન્ટ અશોક આર. મકવાણા તથા અન્ય હોદ્દેદારો દ્વારા ગુજરાત રાજ્યના પ્રતિનિધિ તરીકે શુભેચ્છા મુલાકાત લઈ તેમનું પુષ્પગુચ્છથી ભાવભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું.

અર્જુન રામ મેઘવાલ આ એસોસીએશનના ચીફ પેટ્રોન પણ હોવાથી તેઓએ ગુજરાત રાજ્યના લીગલ મેટ્રોલોજી ડીપાર્ટમેન્ટ (તોલમાપ)ના પદાધિકારીઓ સાથે રાજ્યના કર્મચારી તેમજ અધિકારીઓના ટેકનીકલ અને વહીવટી પ્રશ્નો તેમજ વેલફેર પ્રવૃત્તિ અંગે ટુંકી ચર્ચા કરીને પ્રોત્સાહક માર્ગદર્શન આપ્યુ હતું.

આ ઉપરાંત એસોસીએશનના ચીફ પેટ્રોન તરીકે કેન્દ્ર અને રાજ્ય સરકારની તેઓની કક્ષાએથી મદદ માટે સંપૂર્ણ સહકાર મળશે તેમ જણાવ્યું હતું.

## જન્મદિને વધામણી



**પ્રવીણકુમાર કે પરમાર**
પ્રમુખ, સરગમ મ્યુઝીક સ્કૂલ



**સુનિતાબેન પરમાર**
મો. ૯૭૨૬૬ ૪૯૮૮૯



**કાશ્વી અર્પિતભાઈ ત્રિવેદી**
મો. ૯૮૯૮૦ ૦૬૪૯૩



**જીગર રાજેન્દ્રકુમાર મુલાણી**

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે બપોરે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. - સંપાદક**

# પદ્મશ્રી દુલા ભાયા કાગ : એમની કવિતા જાણે સંસાર અને સંન્યાસનો મેળ






હે જી તારા આંગણિયા પુછીને જે કોઈ આવે રે,આવકારો મીઠોપઆપજે રે જીપ
હે જી તારે કાને સંકટ કોઈ સંભળાવે રે, બને તો થોડુંપકાપજે રે જીપ

લોકઢાળનાં ગીતો અને ભજનોને કારણે ભજનિકો, કથાકારો અને સાહિત્યકારોમાં વિખ્યાત એવા કંઠ, કહેણી અને કવિતાનો સુમેળ એવા આત્મજ્ઞાની દુલા કાગનો જન્મ સમૃદ્ધ અને જેની ચોતરફ હાક વાગે એવા પિતા ભાયા, ને રોજના મહેમાનોને પહોંચી વળવા પોણો મણનું દળણું દળી સૌને પ્રેમથી ધાન પીરસતી માતા ધાનબાઈની કૂખે ૨૫ નવેમ્બર, ૧૯૦૨ ના રોજ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના મજાદર મુકામે થયેલ. તેમને સૌ '' ભગત બાપુ '' તરીકે ઓળખતા.

બાપની ધાકમાં રહેવાને બદલે દિકરો ગોવાળીઓ થાય; પાંચ ધોરણે ઊઠી જાય, પછી ગાયું-ભેંશું—ઊંટ જેવા દોઢસોકના ધણને ચરાવવા છેક ગીર સુધી અડવાણે (ઊઘાડે) પગે ને ઉઘાડે માથે વ્રતધારી થઈને ફરે; ન અફીણ, ન દારૂ, ન ઊંચી આંખે જોવા—બોલવાનું; મોઢે રામાયણની ચોપાઈયું ને ભજનો; સાથમાં એક ગણેશજીની મૂર્તી !..

વાણીમાં અંતરની નિખાલસતા, સાવ સીધી ને સોંસરી ઉતરી જાય તેવી... જાણે સંસાર અને સંન્યાસનો મેળ......કાગબાપુ એ એક દુહામાં કહ્યું છે કે:

'અંધારું, અસત્ય, અજ્ઞાન — વિના મહેનતે આવે છે;
પ્રકાશ વિના નોતરે ન આવે; એ મોંઘો મહેમાન છે.
દિવસ હોય તો બારીબારણાં ખોલવાં પડે,
રાત હોય તો દીવો પેટાવવો પડે. મહેનત વિના પ્રકાશ નહીં'

તેમની કવિતાઓ બહુધા, બોધકતા સાથે ભાવની સચ્ચાઈ, લોકબાનીની વિશિષ્ટ હલકવાળી અને સરળતાના કારણે પ્રચલિત થઈ છે... આશરે તારે ઇંડા ઉછેર્યા..ફળ ખાધા રસવાળા, મરતી વખતે સાથ છોડે, ઈ મોઢા હોય મશવાળા...ઉડી જાવ પંખી પાંખુવાળા શબ્દો પણ ધન્ય બની જાય... રામાયણની કરુણા અને મહાભારતની સંકુલ સ્થિતિ એવી દુલા કાગની વાણી...તો સંસ્કૃતની સાહિત્ય પરંપરાના કંઇ કેટલાંય નામો સાથે સંદર્ભ વિશેષ પર્યાય. તેમની ભજન રચનાઓમાં સંસારની અસારતા-ક્ષણભંગુરતા, ભગવાનની અકળ લીલા, જન સમુદાયનાં દુખ-દર્દો, યાતનાઓનાં વર્ણન મુખ્ય છે. કાગવાણીના દરેક ખંડમાં એમનો ચારણી છાંટવાળો શબ્દદેહ, પદ, ભજન, પ્રાર્થના, દુહા-મુક્તક જેવા સ્વરૂપોમાં જેવી રહ્યો છે. કાગની કવિતાના જડતર અને ઘડતરમાં પરંપરાગત સંસ્કારોને બાદ કરતાં જે વ્યક્તિઓનો પ્રભાવ છે તેમાં મુક્તાનંદજી પછી પ્રભાશંકર પટ્ટણી, મેઘાણી, ગાંધીજી, રવિશંકર મહારાજ ને છેલ્લે વિનોબા. તેમના વિચારો વ્યાપક અને દેશ-કાળથી બદ્ધ ન થાય તેટલા અપરિસિમ હતા.

એક ગીત છે : ભેળીઓ કોણે વણ્યો ?... ઉત્કૃષ્ટ કાવ્યકૃતિ. ચારણોમાં માતાને માથે જે ઊનનું કાળું ઓઢણું હોય છે તે ભેળીઓ. પ્રકૃતિ માતા જ ! તેથી

'માડી તારો ભેળીઓ ફરુકે જીવ સૌ જાગતાં, માડી !
એને સંકેલ્યે અનંદ ઊંઘી જાય રે, જગદંબા ભોળી !
કોણે રે વણ્યો રે તારો ભેળીઓ !'

સમાજના વ્યસન અને કુરિવાજો સામે ઝઝૂમનારા કવિ કાગ પાસે 'જો તમે વ્યસન નહીં મૂકો તો હું પાઘડી નહીં પહેરૂં' અને 'દુલો અને દારૂ ભેળો નહિ રહે' કહેવાની ધારદાર જબાન હતી. ઉંબરથી અંબર સુધીના કવિ હતા. ભાવનગરના પ્રતાપી મહારાજા કૃષ્ણકુમારસિંહજીને કાગબાપુ પ્રત્યે ખૂબ સ્નેહ હતો. મેઘાણીભાઈએ કહ્યું છે તેમ લોગભોગ્ય સાહિત્યમાં ગાંધીવિચારને ઝીલવામાં ભગતબાપુ ખૂબ જ સફળ રહ્યા હતા. રવિશંકર મહારાજને તેમણે ઉપકારી આત્મા કીધો છે. યોગીજી મહારાજની ભક્તિ તથા તેમની ભાવના ભગતબાપુનાં કાવ્યોના માધ્યમથી વ્યક્ત થઈ છે. મોટા ગજાના કવિ, રાજવીઓ અને વગદાર મહાનુભાવો સાથે એમના બેસણા છતાં કાગબાપુના પગ કાયમ ધરતી પર રહ્યા હતા. રાષ્ટ્રપતિ ભવનમાં ગયેલા કવિ કાગને મહામહિમે કંઈક માગવા કહ્યું તો કાગ બાપુએ રાજકોટને આકાશવાણી કેન્દ્રની માગણી કરી, પોતાને માટે કંઈ ન માગ્યું... ભૂદાન વેળાએ ૫૦ વીઘા જમીન, ૧૦ હળ, ૧૦ બળદ, ૧૦૦ મણ અનાજ, ૪૦૦ મણ ઘાસ, એક મકાન હરિજનને અને ૧૦ કૂવા પણ કરી આપવાનો સંકલ્પ જાહેર કરેલો. કેવું વિશુદ્ધ ને મોટું મન !

ભારતના ઈતિહાસમાં સૌથી મહત્ત્વના બનાવોની સાથે ભગતબાપુનું ગાન ૧૯૨૦થી ૧૯૭૭ સુધી ચાલ્યું, પણ મુદ્રિત મોડું થયું. એ ગ્રામ કવિ છે ને કાવ્યોમાં ચારણી, તળપદી અને શિષ્ટ એમ ત્રણેય રંગને વાપરી જાણે છે. કવિ કાગની રચનાઓમાં શિષ્ટ-અશિષ્ટ સાહિત્યના ભેદભાવો, જૂની કવિતા, નવી કવિતાના પૂર્વગ્રહો જોવા મળતા નથી. તેઓની મુખ્ય રચનાઓ કાગવાણી, વિનોબા બાવની, તો ઘર જશે, જાશે ધરમ, શક્તિચાલીસા, ગુરુમહિમા, ચંદ્રબાવની, સોરઠબાવની છે. ચારણકુળમાં જન્મેલા, જીવનભર ભજનમાં જીવ્યા. આવા તળિયાથી તાળવા સુધીનાં દર્શન કરાવતા કવિ કાગે ૨૨ ફેબ્રુઆરી, ૧૯૭૭ના રોજ સદાયને માટે આંખો મીચી દીધી.

ભારત સરકાર તરફથી આવા ઋષિ કવિને ૧૯૬૨માં પદ્મશ્રીથી નવાજાયા. તેમના ૧૦૨મા જન્મદિને ટપાલ ખાતા દ્વારા તેમના નામે ટપાલ ટિકિટ બહાર પડાઈ. ગુજરાત સરકારે તેમના જન્મ સ્થળ મજાદરને નવું નામ 'કાગધામ મજાદર' આપ્યું ને ૨૦૧૫માં આજના દિવસે કવિ કાગની પુણ્યસ્મૃતિમાં મોરારિબાપુએ રામકથા રૂપી પ્રેમયજ્ઞ યોજી તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# પવિત્રતા, શીતળતા, પ્રેમ, રહેમ, આંસુ, આસ્થા, ઉદ્યમ અને સંયમનો સાર એટલી મારી મા

મારી બા લલિતા વ્યાસ... ના ત્યક્તા, ના સધવા, ના વિધવા... કરાંચીમાં લગ્નજીવનનો દસકો જાહોજલાલીમાં વિતાવ્યો. પતિ ચંદુલાલ ભટ્ટ અંગ્રેજ કંપનીમાં હેડ ઍકાઉન્ટન્ટ... મોજીલા, રંગીલા... ગાંધીજીની દેશસેવાનો અનેરો પ્રસંગ, ભાગ લીધો, કંપનીએ ઘરભેગા કર્યા. પત્નીનાં ઘરેણાં વેચી વેપાર કર્યો, બામણને વેપલો ફાવે ? પૂરા ફસાયા. મોટી દીકરી ભગવતી સાથે લલિતા પિયર લીંબડી આવી. બીજી દીકરી જન્મી : કુંદન. છ માસની ધાવણી દીકરીને બા-મોતીમા પાસે મૂકી બાર્ટન ટ્રેનીંગ કૉલેજ, રાજકોટ ફાઈનલની પરીક્ષા દઈ ફર્સ્ટ ક્લાસ મેળવી ત્રણ વર્ષ ભણી સીધી પોરબંદર રાજ્યની પ્રાથમિક શાલામાં ૧૯૩૫માં શિક્ષિકા બની.

અમને બંને બહેનોની માની ગોદ મળી. અમે ભણ્યાં-ગણ્યાં... અમારા કાકા (બાપુ) દેશસેવામાં ભટકતા રહ્યા. ક્યારેક આવે, રહે, પાછા જતા રહે. એક ભાઈ મળ્યો - મહેન્દ્ર.

વહેલી પરોઢે બાની પૂજાની ઘંટડીના રણકારો જાગી જવાનું જે આજે ૮૫ વર્ષે પણ ચાલુ છે. બાને પગલે લાગી નિત્યકર્મ શરૂ કરૂં. બા સૂચના આપે, તૈયાર થઈ ટ્યુશને જાય, ૯.૩૦ વાગ્યે આવીને જમે, ડાબે હાથે ખાલી થેલી ભરાવી શાળાએ જાય. સાંજે સીધા શીતળાચોકમાં દરબારગઢે મહેન્દ્રકુંવરબાને ભરત-ગૂંથણ શીખવી દર્શન કરી પગે ચાલતાં ઘેર આવી રાત્રે પાડોશી બહેનોને રામાયણ વાંચી સંભળાવે...

બંને દીકરીઓનાં લગ્ન, આણાં, દીકરા મહેન્દ્રને ટૅક્સટાઈલ ઍન્જિનીયર બનાવી બાએ નિરાંત મેળવી. સતત કાર્યશીલ, ઉદ્યમી, ઉદાર, નિતાંત સેવાભાવી અને પ્રામાણિક જીવનના પાઠ ભણ્યા-ભણાવ્યા. પવિત્રતા, શીતળતા, પ્રેમ, રહેમ, આંસુ, આસ્થા, ઉદ્યમ અને સંયમનો સાર એટલી મારી મા... લલિતા...

**- કુન્દન દવે**

મારી દૃષ્ટિએ મારી મા એટલે વિશ્વ. એના ગાઢ અનુભવે મને જીવનમાં હંમેશાં ગમે તેટલી વિકટ અને કપરી પરિસ્થિતિમાં પણ હકારાત્મક અભિગમ અપનાવવાની દિશા આપી છે. અમને દીકરીઓને પણ દીકરા બરોબર ઉચ્ચ શિક્ષણ આપીને સન્માનનીય જીવન જીવવાની તક આપી છે. આજે અમે જે કંઈપણ છીએ તે માતાની તાલીમને કારણે છીએ, એવું માનીએ છીએ. આવી માતા વિશે બે શબ્દ લખીને આજે ધન્યતા અનુભવાય છે !

માને શત-શત નમન !

**- હિના જયેશ ગોહેલ**
**સેક્ટર-૪ સી**

### વહાલાં મા

વહાલા ! વહાલા ! મા !
ગળથૂથીમાં પાયેલો
વાર્તાકલાના રસનો ઘૂંટડો...
એવો તો મીઠડો લાગ્યો, મા -
હું આકંઠ છલોછલ થઈ ગઈ !
મા ! તમે તો ખરાં કલાકાર !
તમે તો મહેંદી, રંગોળી શીખવી,
તમે તો હોળીષ્ટકનાં
માટીનાં રમકડાંય
કેવા ખંતથી બનાવતાં !
તમારી કલા-કારીગરીથી
દીપી ઊઠતા હાથ અમારા
હસી પડતાં આંગણાં આપણાં...
વળી તમે તો ખરાં ખમતીધર !
નીડર ને વળી રૂપાળાંય કેવાં ?
સોનેરી, લાંબા વાળ
ને પાંચ હાથ પૂરાં,
જાજરમાન ! મારા માવડી !
તારા કારણે જ હું
બની શકી વાર્તાકાર-ચિત્રકાર !
મા, તને સલામ હજારો વાર !

**- ચંદ્રા શ્રીમાળી, સેક્ટર-૩ એ**

સંસાર બગીચાને મહેકતો રાખવા
એણે પ્રસૂતિની પીડા વેઠી બાળકને જન્મ આપ્યો
ને પછી પ્રેમ, વાત્સલ્ય ને સમર્પણ વડે
અંતરનાં અમૃત પાઈ ઉછેર્યો
બાળકને સાજું રાખવા ચાકરી કરતાં ઉજાગરા વેઠ્યા
સંયમ પાળ્યા ને એને મોટું કરવા પેટે પાટા બાંધ્યા,
પારકે ઘેર મજૂરી કરી
તોય દીકરો મોટો થયો ત્યારે બેવફા બની
પરનારીના મોહપાશમાં જકડાયો
પેલીએ માનું કાળજું માગ્યું,
તો એ નાલાયક માની છાતી પર ચઢી બેઠો
કાળજું કાપ્યું... ને પરનારીને આપવા દોડ્યો
ત્યાં ઠેસ વાગી ને નીચે પછડાયો
ત્યારે એની સાથે જ પછડાયેલું માનું કાળજું કંપી ઊઠ્યું
'ખમ્મા ! બેટા, તને વાગ્યું તો નથી !'
સમર્પણ-યજ્ઞની સાક્ષાત મૂર્તિ એટલે મા.
રણોમાં લાખ લાખ વંદન હો
જનેતાની જેમ સમર્પણને મહેકાવીએ.

**- દિપક શાહ**